**Registration No.:CC/ 109147/2019**
**Filing No.:CC/ 109147/2019**
**Filed On: 05/12/2019**
**Registered On :05/12/2019**
**Decided on : 12/03/2022**
**Duration: dd/mm/yy**

**IN THE COURT OF ADD.CHEIF METROPOLITAN MAGI.COURT NO.1 AT.AHMEDABAD**
**CRIMINAL CASE NO. 109147/2019**

**Exh.6**

**Complainant:**

1. **The state of Gujarat**

**VERSUS**

**Accused:**

1. **Rajubhai Thakorbhai Deve**
   **Age:48, Occupation: Labour Work,**
   **At:Dasama Temapl ,**
   **Nilagiri na Chhpra,**
   **Chandol Talav,Isanpur,Ahmedabad.**

Appearance :
Miss. M. A.Macwan A.P. P. For Complainant 1,
No Advocate For Accused 1 ,

---

**ગુનોઃ પ્રોહી.ની કલમ–કલમ–૬૫ એ,એ મુજબ.**

## –: JUDGEMENT :–

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે આ કામના આરોપીએ તા.૨૨/૦૯/૨૦૧૯ના કલાક ૨૦:૨૦ વાગ્યે પોતાના કબજામાં વગર પાસ પરમીટે ગેરકાયદેસર દેશી દારૂ લિટર–૧૦ સાથે મળી આવેલ તે મતલબની ફરીયાદ ઈસનપુર પોલીસ સ્ટેશનમાં પ્રોહી ગુ.રજી. નં.૫૨૯૭/૨૦૧૯થી નોંધાતાં અને આગળની તપાસના અંતે આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો મળી આવતાં ધી પ્રોહી એકટની કલમ ૬૫(એ)(એ) મુજબનું હાલનું ચાર્જશીટ આ અદાલતમાં રજુ કરેલ છે.

(૨) આરોપીને સમન્સ કાઢતાં બજી જતાં આરોપી હાજર થતાં તેમને વિના મૂલ્યે નકલો પુરી પાડયાની ખાતરી થતાં આરોપી સામે આંક–૩ થી તહોમતનામું ફરમાવી આંક–૪ થી પ્લી લેતાં, ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

(૩) આરોપી સામે ઈન્સાફી કાર્યવાહી થતા અગાઉ આરોપીએ ગુનો કબુલ કરેલ છે અને તેમનો પ્રથમ ગુનો છે અને તેમના કુંટુંબના ભરણપોષણની જવાબદારી તેમના શીરે રહેલ છે અને આર્થિક પરિસ્થિતિ ખરાબ હોવાના કારણે હાલનો ગુનો થઈ ગયેલો છે તેવી રજુઆત કરેલ છે. આરોપીના

ગુનો કબુલ કરેલ છે તે અંગે તે ગુનો કબુલ કરવા બંધાયેલ નથી તેમજ ગુનાની સજાની જોગવાઇ સમજાવતા છતાં તેઓ ગુનો કબુલાતને વળગી રહેલ છે જેથી તે ન માનવાને કોઇ કારણ નથી સદર કામે આરોપી પાસેથી કબજે લીધેલ પ્રતિબંધિત મુદ્દામાલની માત્રા તથા તાજેતરમાં ગુજરાત સરકારશ્રી દ્વારા જાહેરનામા નં.જીજી/૬૫/૨૦૧૯/વીડીઆર/૧૦/૨૦૦૯/૨૦૬૧/ઈ-૧, તા.૦૨.૦૭.૨૦૧૯ થી પ્રતિબંધક મુદ્દામાલની ન્યુનતમ માત્રા નક્કી કરવામાં આવેલ છે અને તે મુજબ આરોપી પાસેથી કબજે લીધેલ પ્રતિબંધક મુદ્દામાલની માત્રા ન્યુનતમ માત્રા છે તેની શિક્ષાની જોગવાઈ ધ્યાને લેતાં કલમ-૬૫એએ. માં દરેક ગુના માટેની સજા ૦૩ વર્ષ સુધી લંબાવી શકાય અને તે સાથે દંડ કરી શકાય, તે મુજબની છે. આથી આરોપીને હવે કલમ-૬૫(એ)(એ) તળેના ગુના સબબ તકસીરવાન ઠરાવવામા આવે છે. અને આરોપીને સજા અંગે સાંભળ્તા આ તેમનો પ્રથમ ગુનો છે અને ગરીબવર્ગના હોવાનું જણાવેલ છે.વર્તમાનમાં કોર્ટમાં પેન્ડીંગ કેસોની સાથે નવા દાખલ થતા કેસોનું પ્રમાણ લક્ષમાં લેતાં ટુંક સમયમાં હાલના ગુનાની ટ્રાયલ ચલાવીને પુરો કરવાની સંભાવના શક્ય નથી.આથી તે રજુઆત જોતાં, આરોપીનો પ્રથમગુનો હોઇ કાયદાનુસાર મહત્મ સજા કરવામાં આવેતો રીઢા ગુનેગારોના સંપર્કમા આવે જેથી તેના જીવન પર વિપરીત અસર થાય તેમ છે આથી આરોપીને કાયદાનુસાર સજા ન કરતા હળવી કરવામા આવેતો ન્યાયનો હેતુ જળવાઇ રહે તેમ છે. આથી વિશેષ ચર્ચા ન કરતાં નીચે પ્રમાણે હુકમ કરવામાં આવે છે.

**-:: હુ ક મ ::-**

(૧) આરોપીને કલમ-ધી પ્રોહી એકટની કલમ ૬૫(એ)(એ) મુજબના ગુનામા તકસીરવાન ઠરાવીને કોર્ટ ઉઠતાં સુધીની સજા અને રૂ.૫૦૦-(પાંચસો રૂપિયા)નો દંડ કરવામાં આવે છે જો આરોપી દંડ ભરવામાં નિષ્ફળ જાયતો દિન-૩૦ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) અપીલ સમય વિત્યે મુદ્દામાલ દારૂનો નાશ કરવો તથા મુદ્દામાલ કેરબાનું જાહેર હરાજીથી વેચાણ કરી તેની ઉપજેલ રકમ સરકારશ્રીમાં જમા કરાવવી.

હુકમ આજરોજ તા. ૧૨/૦૩/૨૦૨૨ ના રોજ માં સ્પેશીયલ સીટીંગ/ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**Date . 12-03-2022**
**Place :**
**SPECIAL SITTING , AHMEADABAD**

**(MR.UTTAMKUMAR NARAYANDAS SINDHI)**
**GJ-00741**
**ADDL.CHIEF METROPOLITAN MAGI.**
**COURT NO.1,AHMEADABAD**